# કોંગ્રેસના ગઢમાં રાજય સરકાર આતંક મચાવી રહી છે : શંકરસિંહ

## તેમના પોતાના મતવિસ્તારમાં ગરીબ ગામવાળાઓ ઉપર અત્યાચાર કરવામાં આવી રહ્યો છે : લોકોને માર મારવામાં આવી રહ્યા છે : અફવાનો દોર છે

અમદાવાદ, તા.૩

ગુજરાત સરકાર કોંગ્રેસના વિસ્તારોમાં રાજકીય આતંક મચાવી રહી છે. ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, ભાજપના નેતૃત્વમાં ગુજરાત સરકાર કોંગ્રેસના પરંપરાગત ગઢ એવા વિસ્તારમાં ગામવાળાઓને માર મારીને રાજકીય આતંક મચાવી રહી છે. ખેડા જિલ્લાની કપડવંજ બેઠકનું પ્રતિનિધિત્વ કરનાર વાઘેલાએ રાજ્ય સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. ખેડા, અમદાવાદ અને ગાંધીનગરના ઘણા ગામોમાં હાલમાં દહેશત ફેલાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. છેલ્લા એક મહિનાથી દહેશત ફેલાવવામાં આવી રહી છે. દહેશત મુજબ લુટારાઓ અને આતંકવાદીઓની ટોળકી વિસ્તારમાં ઘુસી ગઈ છે અને રાત્રિગાળા



દરમિયાન લોકોને માર મારી રહી છે. જ્યાં પરંપરાગત રીતે કોંગ્રેસ મજબૂત છે તે ગામડાઓમાં ગુજરાતની ભાજપ સરકાર રાજકીય આતંકવાદ ફેલાવતી હોવાનો આક્ષેપ આજે કોંગ્રેસે કર્યો હતો. ખેડા જિલ્લાની કપડવંજ બેઠકનું પ્રતિનિધિત્વ કરતા ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ થોડા દિવસો પૂર્વે ખેડા જિલ્લાના અપુજીના મુવાડામાં પોલીસ અને સ્થાનિકો વચ્ચે થયેલા સંઘર્ષના મુદ્દે ગુજરાત સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, મારા મતક્ષેત્રમાં ગરીબ ગામવાસીઓ પર એટ્રોસિટીઝ લગાડવામાં આવી છે. ગુજરાત સરકાર પોતાની નિષ્ફળતાઓ છુપાવવા કોંગ્રેસના પ્રભુત્વવાળા ક્ષેત્રોમાં જાણીજોઈને રાજકીય આતંકવાદ ફેલાવે છે. આ વિસ્તારના લોકો ફફડી રહ્યા છે. આ વિસ્તારો પર કોંગ્રેસ સ્ટ્રોંગ હોલ્ડ ધરાવે છે. વાઘેલાએ છેલ્લા એક મહિનાથી અમદાવાદ-ગાંધીનગર અને ખેડા જિલ્લાના કેટલાક ગામડાઓમાં ફેલાયેલી ચોર, લૂંટારા, આતંકવાદીઓની અફવાના મુદ્દે પણ સરકાર પર નિશાન સાધ્યું હતું. કેટલાક ગામોમાં એવી અફવા ચાલી રહી છે કે, લુંટારુઓ અને આતંકવાદીઓની ગેંગ આ વિસ્તારોમાં ફરી રહી છે અને રાતના સમયે લોકો પર હુમલો કરે છે.

વાઘેલાએ જણાવ્યું હતું કે, અફવાના કારણે લોકોને ફફડતા જીવે જાગીને રાતો રાત વિતાવવી પડે છે. કોંગ્રેસના શક્તિશાળી નેતાએ શાહીબાગ એનેક્ષીમાં પત્રકાર પરિષદ યોજી હતી એને કહ્યું હતું કે તેમના મતવિસ્તારમાં ગરીબ લોકો પર અત્યાચાર થઈ રહ્યો છે. ઈરાદાપૂર્વક દહેશત ફેલાવવામાં આવી રહી છે.

## વડીલોને વંદન અભિનંદન



મકવાણા અજીતભાઈ આર.
(૧૯૪૫) મો.૯૭૩૭૪૫૫૮૯૬

## નિ:સંતાન દંપતિઓ માટે સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા સંતાન ઈચ્છતા દંપતિઓ માટે ફ્રી સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. સે-૨૦ ખાતે આવેલ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ૫ જુલાઈ રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન સંતાન ઈચ્છતા દંપતીઓને કુલપતિ દિવ્યાંશુભાઈ દવે અને જયોતિબહેન થાનકી દ્વારા માર્ગદર્શન અપાશે. આ કાર્યક્રમમાં હાજર રહેવા દંપતીઓને અનુરોધ કરવામાં આવેલ છે.

## પાલનપુર પંથકમાં વખઘોળ્યાના બે કેસ : ૧નું મોત : ૧ ની હાલત ગંભીર

પાલનપુર, તા. ૩

પાલનપુર પંથકમાં વિષપાન કરી બે વ્યક્તિઓએ જીવન ટુંકાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં યુવતીનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક બનાવમાં વખ ગોળનાર પત્ની પીડીત પતિ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

સામાન્યતઃ પતિના શારીરિક-માનસિક ત્રાસથી વાજ આવી જઈને પત્નીઓ વખ ઘોળીને જીવન ટુંકાવતી હોય છે. ત્યારે પાલનપુરમાં એક અજીબો ગરીબ ઘટના પ્રકાશમાં આવી હતી. જેમાં સુરત જિલ્લાનો પત્નીથ પીડીત યુવાન મહેશ પારસભાઈ શાહ તેની પત્નીએ કરેલ કેસને લઈ પાલનપુર આવ્યો હતો. જ્યાં તેણે મહિલા પોલીસ સ્ટેશન સામે જ વખ ગોળીને જીવનલીલા સંકેલી લેવાનો પ્રયાસ કર્યો હતો. જેને તાકીદે પાલનપુર સિવિલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યારે અન્ય એક બનાવમાં પાલનપુર તાલુકાના આકેસણ ગામમાં રહેતી શ્રમિક યુવતી સીતાબેન મગનભાઈ વણકરે પણ અગમ્ય કારણોસર વિષપાન કરતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાઈ હતી. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

## મેઘરજ ગ્રામ પંચાયતનો અંધેર વહીવટ

### ટી.ડી.ઓ.એ આકરણી વેરો રદ કરવા છતાં ગ્રામ પંચાયત દ્વારા ઉઘરામણુ

મોડાસા, તા.૩

અરવલ્લી જિલ્લાના મેઘરજમાં મેઘરજ ગ્રામ પંચાયત દ્વારા વધારેલા આકરણીવેરા સામે ગામના નગરજનોએ જે તે સમયના તાલુકા વિકાસ અધકારીને યોગ્ય રજુઆત કરતાં ટી.ડી.ઓ.એ નાગરિકની તરફેણમાં યોગ્ય નિર્ણય કરતાં આકરણીવેરો કદ કર્યો હતો. મેઘરજ ગ્રામ પંચાયત દ્વારા વધારાનો આકરણીવેરાની વસુલાત કરાતાં મેઘરજ નગરના પ્રજાજનોમાં રોષ ભભૂકી ઉઠયો છે.

મેઘરજ ગ્રામ પંચાયતે તા. ૧-૪-૦૮થી આકરણી વેરો ગામ પંચાયતની તા. ૨૯-૧૧-૨૦૦૭ની મીટીંગના ઠરાવ નં. ૧૪૭થી વધારેલ હતો જેની સામે ગ્રામજનોમાં રોષ ભભૂકી ઉઠયો હતો અને વધારેલો આકરણી વેરો રદ કરવા ગ્રામજનોએ મેઘરજ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરતાં મેઘરજ ટીડીઓએ તા. ૧૯-૩-૦૮ના રોજ ગ્રામ પંચાયતનો તા. ૨૯-૧૧-૨૦૦૭નો ઠરાવ નં. ૧૪૭ રદ કરેલ હતો જેની સામે મેઘરજ ગ્રામ પંચાયતે સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ અપીલ કરતાં જિલ્લા વિકાસ અધિકારીએ તાલુકા વિકાસ અધિકારીની અપીલ મંજુર કરી ગ્રામજનોની તરફેણમાં ચુકાદો આપી ગામ પંચાયત દ્વારા વધારેલા આકરણીવેરો વસુલવાની ના પાડી હોવા છતાં મેઘરજ ગ્રામ પંચાયત દ્વારા વધારેલો વેરો લેવાનું ચાલુ રાખતાં મેઘરજના જાગૃત નાગરીક દ્વારા મેઘરજ તાલુકા અધિકારીને રજૂઆત કરાઈ હોવા છતાં યોગ્ય કાર્યવાહી ન કરાતા પ્રજાજનોમાં રોષ ભભૂકી ઉઠયો છે અને નગર પંચાયત દ્વારા નાગરિકોના હિત જાળવવા ઉગ્ર માંગ ઉઠી છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

## બસ સેવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેમાં સિનીયર સિટીઝનને મુસાફરીમાં ખાસ કન્સેશન ઉપરાંત વિદ્યાર્થીઓ તેમજ મનપાના કર્મચારીઓને પણ ખાસ રાહત આપવાની રહેશે.

નવી એજન્સીએ નાયબ મ્યુનિ. કમિશનરશ્રીને સાથે રાખી આંતરિક બસરૂટ નક્કી કરવાના રહેશે એટલુ જ નહિ સમય-પત્રક પણ તેમની પાસે મંજૂર કરાવવાનું રહેશે.

શ્રી રાકેશ પટેલે જણાવ્યું હતું કે નવી એજન્સીને ઝડપથી વર્ક ઓર્ડર આપી દેવાશે. રૂટ પોષણક્ષમ બને તે પણ એજન્સીએ ધ્યાને લેવાનુ રહેશે. આડેધડ રૂટ નિયત નહિ કરી શકાય.

પત્રકારોના એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે કોર્પોરેશન દ્વારા પોતાની બસસેવા શરૂ કરવામાં હજુ થોડોક વિલંબ થઈ શકે છે. આ માટે ગુજરાત સરકાર, ગુડાના સત્તાવાળાઓ સાથે સંકલનમાં રહી આગળ વધવાનુ છે અને તેથી કેટલો સમય લાગશે તે અત્યારે કહી શકાય નહિ.

શ્રી પટેલે જણાવ્યું હતુ કે સેકટરોના અંતરિયાળ વિસ્તારોને પણ નવી ટ્રાન્સપોર્ટ વ્યવસ્થામાં સાંકળી લેવા પર ભાર મુકવામાં આવ્યો છે એટલે કોઈને અન્યાય નહિ થાય. તેમણે જણાવ્યું કે આ એજન્સીની પસંદગી પણ વાર્ષિક ધોરણે જ કરવામાં આવી છે.

## ઉત્તર ગુજરાતમાં વરસાદ ખેંચાતા ભૂમિપુત્રો ચિંતીત

ઉત્તર ગુજરાત અને અરવલ્લી જિલ્લામાં ૨૦ જૂન પછી સાર્વત્રિક વાવણીલાયક વરસાદ થતાં ઉત્તર ગુજરાતના ભૂમિપુત્રોએ ખેતરોમાં વાવણી કરી દીધી હતી. પરંતુ ૨૫ જૂન પછી જાણે મેઘરાજાએ રીસામણા કર્યા હોય તેમ ઉત્તર ગુજરાતમાં વરસાદનું એક પણ ટીપુ ન પડતાં વાવણી કરીને મેઘરાજાની આશાએ બેઠેલા જગતનો તાત પોતાના મહામુલા પાક બળી જવાના ભયથી ચિંતિત બન્યા છે. અરવલ્લી જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર થતાં અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો. જિલ્લાના ૬ તાલુકામાં વાવણીલાયક વરસાદ થતાં ચાતક નજરે રાહ જોઈ રહેલા ભૂમિપુત્રોએ મોંઘાદાટ બિયારણ અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરી વાવણી કરી દીધી છે. ત્યારે છેલ્લા એક અઠવાડિયાથી વરસાદ હાથતાળી દઈ રહ્યો હોય તેવી સ્થિતિ સર્જાતા જગતનો તાત ચિંતાતુર બન્યો છે. અરવલ્લી જિલ્લાના ભુમિપુત્રોએ ૯૪૩૭૩ હેક્ટર જમીનમાં વાવેતર કરેલો પાક પાણીના અભાવે બળી જવાની દહેશતથી ખેડૂતોમાં નિરાશા ફેલાઈ છે.

## પૂ. જીજીની ઉપસ્થિતમાં અમીકુંજનો મનોરથ કરાશે

ગાંધીનગર, તા. ૩

સેક્ટર-૨૧ હવેલી મંદિરમાં આજે શનિવારે પૂજ્ય જીજીની ઉપસ્થિતિમાં આમ્રકુંજનો મનોરથ કરવામાં આવશે. પવિત્ર અધિક માસ દરમિયાન કરવામાં આવનાર મનોરથના દર્શન કરવા ભક્તોને આમંત્રણ પાઠવ્યું છે.

## પડી જવાનું જોખમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સામાન્ય રીતે દર વર્ષે ચોમાસાના પ્રારંભ પહેલા તંત્ર દ્વારા વૃક્ષોનું ટ્રીમીંગ કરી દેવાતું હોય છે પરંતુ આ વર્ષે તેમાં ભારે બેદરકારી જણાઈ રહી છે. નગરમાં મોટા ભાગના માર્ગો પર અસંખ્ય વૃક્ષો આ પ્રકારની ભયજનક સ્થિતિમાં જોવઈ રહ્યા છે જેના કારણે ફૂટપાથ પર ચાલતા જતા નગરજનો અથવા વૃક્ષ નીચે પાર્ક કરેલા વાહન વગેરે માટે ખતરારૂપ સાબિત થાય તેમ છે.

આ ઉપરાંત ગ માર્ગ પર સે-૨૪ નજીક પાઈપલાઈન નાંખવાનું કાર્ય ચાલી રહ્યું છે. આ કાર્ય માટે કરાયેલ ખોદકામ ઘણા વૃક્ષોના થડની અડોઅડ મૂળ પાસે કરવામાં આવ્યું છે. જેના કારણે વૃક્ષની એક તરફથી જમીનનો આધાર ખસી જવા પામ્યો છે. હવે વરસાદ આવશે ત્યારે આ વૃક્ષો તે તરફથી પડી જવાની શકયતાઓ ખૂબ વધી જવા પામી છે. આ સંજોગોમાં સમયસર વરસાદ આવે તે પહેલા આ વૃક્ષોને મૂળમાં રોડ નં. ૫ પર કરવામાં આવ્યો છે તેવા ઓટલાનો સપોર્ટ આપી બચાવી શકાય તેમ છે.

## ચોર પણ નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગયો અને મહિલા પર બળાત્કાર કરી ગયો જેવા વિવિધ બનાવોની વાતો ફર્યા રાખે છે. પરંતુ જે ગામડાઓમાં નિરાંતે ગ્રામજનો સુઈ જાય છે તે ગામોમાં આવા કોઈ ચોર-લુંટારુંની બુમ પણ સંભળાતી નથી. આ બાબત એટલા માટે નવાઈ પમાડે તેવી છે કે જે જે ગ્રામ્ય વિસ્તારોમાં અફવાઓ મગજમાં ઘરી કરી જવાથી લોકોએ જાગવું પડે છે તેની જ આજુબાજુના કેટલાય ગામ છે જયાં ડર નથી તો ચોર પણ નથી..! તો આ બાબતને શું સમજવું...? ચોર લૂંટારૂ ટોળકીની અફવાઓથી જાગતા લોકો કોઈ પણ હરકતને ચોર લુંટારૂઓની વાતો સાથે જોડી દે છે જેને કારણે તે જ વિસ્તારમાં ચોર લુંટારૂઓ આવ્યાના ભણકારા થાય છે અને અફવાઓને વધુ વેગીલી બનાવવામાં કયાંકને કયાંક ગ્રામજનો જ ભાગીદાર થવા લાગ્યા છે. ગાંધીનગર આસપાસને એવા ગામો કે જયાં અફવાઓનો ડર રહ્યો નથી ત્યાં ચોર તો શું ચોરનો પડછાયો પણ દેખાતો નથી તેવા ગામોની યાદી ખુબ લાંબી છે જયાં આજે પણ ગ્રામજન નિરાંતે મીઠી નીંદર માણે છે. ગાંધીનગર પાસેનાં વાવોલ, કોલવડા, ધોળાકુવા, ઈન્દ્રોડા, સરગાસણ, ઉવારસદ, અડાલજ, ખોરજ સહીત કલોલ વિસ્તારના તમામ ગામો ઉપરાંત ડભોડા વિસ્તારના વાંકાનેરડા, રણાસણ, કરાઈ, જેઠીપુરા, પ્રભુપુરા, ડભોડા ટાઉન, વિરા તલાવડી, ગોલવંટા, દહેગામ વિસ્તારના હાલીસા, વાસણા ચૌધરી, ગૌતમપુરા, નાંદોલ, રખિયાલ વિસ્તારના જાલીયાનાં મઠ, ઉદણ, પટેલપુરા, નવાનગર, ભાદ્રોડા, દલપુર, હરખજીના મુવાડા, નાના જલુન્દ્રા, લીલાપુર, પાટનાકુવા, બદપુર, રબારીના છાપરા, ખાનપુર, બાબરા, ધણીયોલ, કંથારપુરા, આગજીના મુવાડા, નાગજીના મુવાડા, લીહોડા, જુના બબલપુર, રામપુરાના છાપરા, પહાડીયા, અંતોલી, ચાંદાના મુવાડા, ડુમેચા, વડોદ, ઘડી અને નાની માસંગ સહિત સંખ્યાબંધ એવા ગામોની યાદી છે જયાં ગ્રામજનો અફવાઓથી દુર રહે છે તો ચોર લુંટારૂના ભણકારા થતા નથી અને કથિત ચોર પણ આવતા નથી...!

## પગારપંચનો લાભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યું હતું કે ૬ઠ્ઠા પગારપંચનો લાભ આપતાં પૂર્વે રાજય સરકારે આ અંગે આપેલી ગાઈડ લાઈનને પૂરેપુરી ચકાસી લેવામાં આવી છે.

આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં હિસાબી અધિકારીની મુદત ત્રણ મહિન માટે હાલ પુરતી વધારી લેવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન નિયમિત નિમણુંક માટેની પ્રક્રિયા પૂર્ણ થઈ જાય તે માટે કમિશનરશ્રીને જરુરી સૂચના પણ આપવામાં આવી છે.

આ બેઠકમાં સ્થાયી સમિતિએ છાપકામ માટેના ટેન્ડરને પણ બહાલી આપી દીધી છે. આ ઉપરાંત મનપા સંચાલિત ચાર અર્બન હેલ્થ સેન્ટરોમાં ડેસ્ક ટોપ, કોમ્પ્યુટર તથા ગાદલા તકીયા ચારની ખરીદી કરવા માટે કમિશનરશ્રી તરફથી આવેલ હકીકતોને ધ્યાને લઈ બહાલી આપવામાં આવી છે.

## પસંદગીની પ્રક્રિયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાંભળીને સંભવીત ઉમેદવારોના નામોની પેનલ યાદી તૈયાર કરીને પ્રદેશ નેતાગીરીને સુપરત કરશે.

પ્રદેશ નેતાગીરી જિલ્લા નિરીક્ષકોના જિલ્લા પ્રમુખો સાથે ચર્ચા કરીને પેનલ યાદીમાંના નામો પર ચર્ચા કરીને આખરી ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરશે આ સમગ્ર પસંદગી પ્રક્રિયા ૧૫મી ઓગષ્ટ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે અને ત્યાર પછી ઉમેદવારોના નામો જાહેર કરવા અંગેનો નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## પરીક્ષા આખરે રદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંપૂર્ણ પણે રદ કરવાનો નિર્ણય કર્યો હતો.

મહેસુલી સંવર્ગની ૧૫૦૦ જગ્યા રદ કરતા હવે આ જગ્યાઓને બીજા વર્ષની ૯૦૦ જગ્યાઓ સાથે ઉમેરતા કુલ ૨૪૦૦ જગ્યાઓ માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતી પ્રક્રિયા આગામી સમયમાં હાથ ધરવામાં આવશે. જે ઉમેદવારો મહેસુલી પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હતા અને વય મર્યાદા વટાવી ચુક્યા છે કે વયમર્યાદા નજીક પહોંચ્યા છે અને જે ઉમેદવારો પરીક્ષા માટે લાયક નથી તેવા ઉમેદવારોને ખાસ કિસ્સામાં વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

## દરખાસ્ત નામંજૂર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરખાસ્ત સરકાર પાસે જશે અને સરકાર જે નિર્ણય લેશે તેના પર બધુ થશે.

મનપામાં મેન પાવર સપ્લાય એજન્સીની મુદત પૂર્ણ થઈ ગઈ હોવા છતાં એજન્સીના માણસોને ચાલુ રાખી અને કોર્પોરેશન દ્વારા બારોબાર આ કર્મચારીઓને પગાર ચુકવાવના નિર્ણયને લઈ છેલ્લા પખવાડિયાથી ઉગ્ર વિવાદ ઉભો થવા પામ્યો છે.


આ મુદ્દે સત્તાધારી પક્ષમાં પણ તિરાડ પડવા પામી છે અને તે મુદ્દે આજે સ્થાયી સમિતિમાં પણ સારી એવી ચર્ચાઓ થઈ હતી. સ્થાયી સમિતિએ હાલ તો કમિશનરની દરખાસ્ત ફગાવી દઈ મેન પાવર સપ્લાય એજન્સીની મુદત ૧-૬-૧૫ થી ૩૧-૮-૧૫ સુધી વધારી આપવાનો નિર્ણય લીધો છે.

## ચિત્ર સ્પષ્ટ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પટેલ, કશ્યપ હર્ષદકુમાર અમીન, પંકજકુમાર બળવંતરાય શુકલ, પ્રવિણસિંહજી નાથુસિંહજી વાઘેલા, ભરતકુમાર બળદેવભાઈ પટેલ, વિષ્ણુભાઈ ઈશ્વરભાઈ પટેલ, સુરેશકુમાર અંબારામ પટેલ, હસમુખભાઈ કેશવલાલ પટેલે પણ ઉમેદવારી નોંધાવી છે. આ ઉપરાંત મહિલા અનામતની જગ્યાને અનુલક્ષી ૧૦ ઉમેદવારી પત્રો ભરાયા હતા. જયારે આ પૈકી ૯ ફોર્મ પરત ખેંચાયા હતા. જયારે અન્ય એક ફોર્મ નામંજુર થયું હતું. જેથી હવે નાગરિક બેંકની ચુંટણીમાં એક પણ મહિલા ઉમેદવાર મેદાનમાં નથી. જયારે ચુંટણીજંગમાં તા ૪ જુલાઈ ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી આજે ચિત્ર સ્પષ્ટ થઈ જશે. ૧૩ બેઠકો તેમજ ૨ મહિલા બેઠકોને અનુલક્ષી નાગરિક બેંકની ચુંટણી યોજાવાની છે. આ મામલે ઉમેદવારોનું આખરી ચિત્ર તૈયાર થયા બાદ ચુંટણીલક્ષી સમીકરણો વધુ સ્પષ્ટ થશે.

## શબ્દાવલી - ૫૭૭૮



### આડી ચાવી

૧. પહેરણ, ઝભ્ભો (૪)
૬. બટન... માં પરોવાય ને વખાય (૨)
૭. અગાશી, ગેલેરી (૩)
૮. આનંદ, હરખ (૨)
૯. આડખીલી, નડતર (૩)
૧૦. પત્ર (હિન્દીમાં) (૨)
૧૨. દુનિયા, જગ (૩)
૧૩. કરનું ભારણ (૪)
૧૪. સાંજના ભોજનને અંગ્રેજીમાં... કહેવાય (૩)
૧૬. રટણ, જીદ (૨)
૧૭. સડવું તે (૨)
૧૮. નકામા કપડાં (૨)
૨૦. આપ, લાવ (૨)
૨૧. ઝાંઝર (૩)

### ઊભી ચાવી

૧. સળગતો કોલસો (૩)
૨. હાથી, ઐરાવત (૨)
૩. ચેર, ટેબલ... (૩)
૪. દેવની આરતી લેવી તે (૩)
૫. સાંબેલાની ધાર જેવો ધોધમાર (૫)
૮. વરસાદની પોચી જમીનમાં રમાતી એક રમત (૪)
૧૦. ખરલ (૨)
૧૧. કચરો જયાં નંખાય તે જગ્યા (૪)
૧૨. આચરવું તે (૪)
૧૫. જાત, વંશ, ગોત્ર (૩)
૧૮. ગૌ, ગૌમાતા (૨)
૧૯. કપાળ, લલાટ (૨)

### શબ્દાવલી ૫૭૭૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) આવડત (૪) ગારૂડી (૬) ડર (૭) કપ (૮) ખીસકોલી (૧૦) વણાટ (૧૨) લફરૂ (૧૫) ક્ષત્રિય (૧૮) અંતાક્ષરી (૧૯) કમર (૨૧) પમરાટ (૨૨) થનગનાટ (૨૨) જણ

**ઊભી ચાવી :-** (૧) આડખીલી (૨) વરસ (૩) તકલીફ (૫) રૂસણા (૯) કોલ (૧૧) ટકો (૧૩) રૂક્ષ (૧૪) ગુતાલન (૧૬) ત્રિકમ (૧૭) યમરાજ (૨૦) રટણ (૨૧) પર



શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad · C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice · STEEL TIGER · KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૯૮૯, ૨૩૨ ૨૩૮૦૧